જમીન એરિયા પ્રમાણે જમીનમાં નોંધ પડાવવા અને મંજુર કરવાનો ભાવ ચાલી રહ્યો છે પ્રજાજનોને

કરી અપીલમાં જવું પડશે જણાવી અરજદારોને રૂપિયા આપવા મજબુર કરતા મજબુરીનો માર્યો

# મલેશિયાના પેનાંગ કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન બ્યુરોના ૧૩ પાર્ટનર્સ ડેલિગેશનનું ભારતમાં આગમન

**અમદાવાદ,**

પેનાંગ કન્વેન્શલ એન્ડ એક્ઝિબિશન બ્યુરો (પીસીઈબી) દ્વારા અમદાવાદમાં તેના પ્રથમ સેલ્સ મિશનને આજે ક્રાઉન પ્લાઝા હોટેલ ખાતે ભારતમાં તેના બીજા પેનાંગ સેલ્સ મિશનના ભાગરૂપે લોન્ચ કરવામાં આવ્યું હતું.

પીસીઈબીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અશ્વિન ગુનાસેકરનની અધ્યક્ષતામા આ મિશનમાં પેનાંગ ડેલિગેશનના ૧૨ પાર્ટનર્સ સામેલ છે, જેમાં હોટેલ્સ, ડેસ્ટિનેશન, મેનેજમેન્ટ કંપનીઓ, આકર્ષણો અને થીમ પાર્ક, પ્રોફેશનલ કોન્ફરન્સીસ ઓર્ગેનાઈઝર્સ, ઈવેન્ટ એક્સપર્ટ્સ તથા પીસીઈબીના સ્ટ્રેટેજિક એરલાઈન પાર્ટનર, મલેશિયા એરલાઈન્સ સામેલ છે.

૭ જાન્યુઆરીએ ચેન્નઈમાં મિશનના પ્રારંભ પછી પેનાંગ ડેલિગેશન ૧૧ જાન્યુઆરીએ મુંબઈમાં અને ૧૪ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં પેનાંગને પ્રમોટ કરવાના હેતુથી પોતાની સફર ચાલુ રાખશે અને પેનાંગને કોર્પોરેટ એન્ડ એસોસીએશન મીટિંગ્સ, કોન્ફરન્સીસ અને ઈન્સેટિવ્સ ઉપરાંત લિઝર ટ્રાવેલ માટે પસંદગીના સ્થળ તરીકે પ્રમોટ કરશે.

ભારતમાં પેનાંગની વધી રહેલી લોકપ્રિયતાને જોઈને પેનાંગ સેલ્સ મિશન ટુ ઈન્ડિયા ચાર શહેરોની મુલાકાત લેશે અને ભારતમાં બિઝનેસ ઈવેન્ટ્સ અને લિઝર ટ્રાવેલ્સ બાયર્સ સાથે બીટુબી એંગેજમેન્ટ સેશન યોજશે તેમજ આ સાથે સ્થાનિક ભારતીય અને બિઝનેસ ઈવેન્ટ્સ મીડિયા સાથે મીડિયા સેશન યોજશે.

પેનાંગના ટુરિઝમ ડેવલપમેન્ટ, હેરિટેજ, આર્ટ્સ એન્ડ કલ્ચરના સ્ટેટ એક્ઝિક્યુટિવ કાઉન્સિલર યેઓહ સૂન હીન નવી દિલ્હી ખાતે ઉપસ્થિત રહેશે જ્યાં તેઓ ભારતમાં ટુરિઝમ સત્તાધીશો અને અન્ય મહત્ત્વના લોકો સાથે અધિકૃત બેઠકો યોજશે.

તેમણે કહ્યું હતું કે આ મિશનમાં હોસ્પિટલિટી, ટ્રાવેલ અને ઈવેન્ટ્સ સેક્ટર્સમાં સામેલ પેનાંગની ઓફરિંગ્સ પણ સામેલ હશે અને તેમાં ભારતીય માર્કેટ માટે પેનાંગ શું ઓફર કરી શકે છે એ દર્શાવશે.

પીસીઈબીના ચીફ એક્ઝિક્યુટિવ અશ્વિન ગુનસેકરને કહ્યું હતું, 'ભારત પેનાંગમાં બિઝનેસ ઈવેન્ટ્સ માટેના ટોચના પાંચ માર્કેટ્સમાંનું એક છે અને ગત વર્ષથી અમને ઈવેન્ટ પ્લાનર્સ અને કોન્ફરન્સ ઓર્ગેનાઈઝર્સ દ્વારા પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

૨૦૧૭માં, ૧૩ ટકા જેટલી બિઝનેસ ઈવેન્ટ્સ એશિયા પેસિફિકમાંથી થઈ હતી તે ભારતમાંથી યોજાઈ હતી, જેમાં આરએમ ૧૯૦ મિલ કે ૪૬ મિલિયન ડોલર જેટલું યોગદાન ૨૦૧૮માં આપ્યું હતું.